આજની પ્રાર્થના....

ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઈ, ૨૦૨૧, શુક્રવાર; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારે વરસાદને પગલે મુંબઈ બેહાલ

## અનેક વિસ્તારોમાં જાહેર કરાયું રેડ એલર્ટ : દસ કલાકમાં ૬૮.૭૨ મીમી વરસાદથી જળબંબાકારની સ્થિતિ





મુંબઈ,તા.૨૨ મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં બુધવારે પણ ભારે વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ ભારે વરસાદની આશંકાને પગલે ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે મહારાષ્ટ્રના જલના, બીડ, નાંદેડ, લાતુર, પરભણી, હિંગોલી, સતારા, પુના, રત્નાગીરી, સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈમાં અવિરત વરસાદને પગલે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરાંત રસ્તાઓ પણ વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતા લોકોએ ભારે હાલકીનો સામનો કરવો પડ્યો હતો.

ઉપરાંત, ભારે વરસાદને પગલે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. શહેરમાં ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા થોડા સમય માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી. ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને અનેક શહેરોમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુરુવારે મુંબઈમાં ભારે વરસાદની આગાહીને પગલે 'ઓરેંજ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

## દૈનિક ભાસ્કર જૂથની દેશની તમામ ઓફિસ પર આવકવેરાના દરોડા

**આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિંગ વિંગ દ્વારા દરોડા : દરોડા દરમિયાન ઓફિસમાં હાજર કર્મચારીઓના ફોન લઈ લેવાયા, કોઈને બહાર જવા દેવામાં આવ્યા ન હતા**



ભોપાલ, તા.૨૨

આવકવેરા વિભાગ દ્વારા હિન્દી અખબાર દૈનિક ભાસ્કર ગ્રુપની તમામ ઓફિસો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિંગ વિંગ દ્વારા આ દરોડા પાડવામાં આવી રહ્યા છે. એક સાથે તમામ કચેરીઓ પર વહેલી સવારે દરોડા પાડવામાં આવ્યા છે. દરોડા દરમિયાન ઓફિસમાં હાજર કર્મચારીઓના ફોન પણ લઈ લેવામાં આવ્યા છે. સાથે જ કોઈને પણ બહાર જવા દેવામાં આવી રહ્યા નથી.

કરચોરીના આરોપમાં આવકવેરા વિભાગ રેડ કરવામાં આવી છે. આ દરોડા નોઈડા, જયપુર, ભોપાલ, ઈન્દોર, મુંબઈ અને

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી પદેથી હટવાનો અણસાર આપતા યદિયુરપ્પા

**હાઈકમાન્ડ જે આદેશ આપશે તેનું પાલન કરીશ અને મારા સમર્થનમાં સમર્થકોએ દેખાવો કરવાની જરૂર નથી**

બેંગલુરૂ, તા.૨૨

કર્ણાટક ભાજપમાં મુખ્યમંત્રી પદને લઈને ચાલી રહેલા ઘમાસાણનો જલ્દી અંત આવે તેમ લાગી રહ્યુ છે. સતત શક્તિ પ્રદર્શન કરી રહેલા હાલના સીએમ યેદિયુરપ્પાએ પોતે એવુ નિવેદન આપ્યુ છે જેનાથી સ્પષ્ટ થઈ રહ્યુ છે કે, તેઓ હવે સીએમ પદથી હટી રહ્યા છે. તેમણે કહ્યુ છે કે, ભાજપનુ હાઈકમાન્ડ જે આદેશ આપશે તેનુ પાલન કરીશ અને મારા સમર્થનમાં સમર્થકોએ દેખાવો કરવાની જરૂર નથી.

● અનુસંધાન પાન-૭ પર

## જંતર-મંતર પર ખેડૂત સંસદનો પ્રારંભ

**માત્ર ૨૦૦ ખેડૂતોને જંતર-મંતર ખાતે પ્રદર્શનની મંજૂરી આપી : વિપક્ષ સદનમાં ખેડૂતોનો અવાજ બને : ટિકૈત**

નવી દિલ્હી, તા.૨૨

કૃષિ કાયદાઓના વિરોધમાં ચાલી રહેલા ખેડૂતોના આંદોલનનો નવો પડાવ ગુરૂવારે શરૂ થયો. દિલ્હીના જંતર-મંતર ખાતે ખેડૂત પ્રદર્શનકારીઓ દ્વારા ખેડૂત સંસદની શરૂઆત કરવામાં આવી છે. ખેડૂત સંગઠનોના કહેવા પ્રમાણે જ્યાં સુધી સંસદનું ચોમાસુ સત્ર ચાલુ રહેશે ત્યાં સુધી તેઓ દરરોજ ત્યાં આવી ખેડૂત સંસદ યોજશે.

ગુરૂવારે સવારે સિંધુ, ટિકરી અને ગાઝીપુર બોર્ડરથી બસોમાં ભરાઈને ખેડૂતોના ટોળા જંતર-મંતર ખાતે પહોંચ્યા હતા. દિલ્હી પોલીસે માત્ર ૨૦૦ ખેડૂતોને જંતર-મંતર ખાતે પ્રદર્શનની મંજૂરી આપેલી છે. સવારના ૧૧:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ખેડૂતો ત્યાં પ્રદર્શન કરી શકશે.

જંતર-મંતર ખાતે પહોંચ્યા બાદ ખેડૂત નેતા રાકેશ ટિકૈતે તેઓ તે જગ્યાએ પોતાનો અવાજ ઉઠાવશે અને વિપક્ષે સદનની અંદર તેમનો અવાજ બનવું જોઈએ તેમ કહ્યું હતું.

પ્રદર્શનકારીઓ સાથે ઉપસ્થિત યોગેન્દ્ર યાદવના કહેવા પ્રમાણે પોલીસ દ્વારા ફરી એક વખત બસોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ કારણે ખેડૂતોને જંતર-મંતર ખાતે પહોંચવામાં મોડું થયું છે.

● અનુસંધાન પાન-૭ પર




॥ શ્રી ગોદડી પ્રસન્નઃ ॥



## ગુરૂપૂર્ણિમા મહોત્સવ

તા. ૨૩/૦૭/૨૦૨૧ ને શુક્રવાર

ત્રિદૈશીય શક્તિ ધરાવતા સમર્થશ્રી પ્રાગદાસ બાપા ગોદડીયા જેમણે સામાજીક ક્ષેત્રે ઉચ્ચતમ કક્ષાએ પહોંચવાની સર્વાંગી વિકાસની તકોનો ત્યાગ કરી યુવાન વયે ભારતીય સંસ્કૃતિના દર્શનાર્થે આધ્યાત્મિક મહામાર્ગ પંથી બની સનાતન ધર્મને માધ્યમ બનાવી અનેકનાં જીવનમાં આધ્યાત્મના અજવાળા પાથરનાર બન્યા તથા સ્વાતંત્ર્ય સેનાની, પારદર્શક અને નિરાળું વ્યક્તિત્વ, મસ્તફકીર, જેણે સેવ્યા તેના માટે પારસમણિ, સમાજને બેઠો કરવા જીવનપર્યંત કાર્યરત, શિક્ષણ-સેવા-સંસ્કાર સદાવ્રતના સંચાલક, નોધારાના આધાર, તરસ્યાની પરબ એવા પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાના ચરણોમાં કોટી કોટી વંદન.



એન.પી. પટેલ - મેનેજીંગ ટ્રસ્ટી

પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, ગિરનાર રોડ, જુનાગઢ.

શ્રી પ્રાગદાસબાપા ગોદડીયાની રામમઢી ગામ : જુનામાંકા, તા.હારીજ, જી. પાટણ.

- પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટને કરેલ દાનની રકમના ૫૦% રકમને ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી) (૫) હેઠળ કરમુક્તિને પાત્ર છે.
- કોરોના મહામારી અંગે સરકારશ્રીની ગાઈડ લાઈન અને સૂચનાનું પાલન કરવા સાથે ગુરૂપૂજન, આરતી કરવામાં આવશે જેથી પૂજ્ય ગુરૂજનોના આશિર્વાદથી ગુજરાત, ભારત અને રાષ્ટ્રોની જનતા કોરોનાથી મુક્ત થઈ જાય એવી પરમાત્મા અને ગુરૂજનોને પ્રાર્થના કરવામાં આવશે.

તા.ક. :- આવો આ પ્રસંગે આજે આપણે સૌ પોતાના માતા-પિતા, વડીલો અને ગુરૂજનોને યાદ કરીને એક વૃક્ષ વાવવાનો અને ઉછેરવાનો સંકલ્પ કરીએ.

WESTERN SEEDS® Since 1983 "MORE FOR ALL"

-: સૌજન્ય :-

વેસ્ટર્ન એગ્રી સીડ્સ લીમીટેડ, ગાંધીનગર.